આગામી બે દિવસ ભારે વરસાદની આગાહીને કારણે તંત્ર એલર્ટ મોડ પર

અમદાવાદમાં NDRF-SDRFની ટીમો સ્ટેન્ડબાય

નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવા અપીલ

જિલ્લા તંત્ર અને મનપા હાઈ એલર્ટ પર

અમદાવાદ : હવામાન વિભાગ દ્વારા અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં તા. 31 જુલાઈ અને 1 ઓગસ્ટ દરમિયાન ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવતા અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર અને અમદાવાદ મનપા સંપૂર્ણ એલર્ટ મોડ પર આવી ગયા છે. અમદાવાદ શહેર-જિલ્લાના તમામ તાલુકાઓમાં એક-એક વરિષ્ઠ અધિકારીની નિમણૂક કરવામાં આવી છે, જે સ્થાનિક સ્તરે પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરશે અને જરૂરિયાત મુજબ તાત્કાલિક પગલાં લેશે. આપાતકાલીન સ્થિતિને પહોંચી વળવા માટે NDRFની એક ટીમ અને SDRFની બે ટીમોને ધોળકા, બાવળા અને સાણંદ ખાતે સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. જરૂરિયાત મુજબ આ ટીમોને અન્ય વિસ્તારોમાં પણ મોકલવામાં આવશે.

જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માએ જણાવ્યું હતુ કે સંભવિત તાકીદની પરિસ્થિતિને પહોંચી વળવા માટે તમામ વિભાગોને સજ્જ રાખવામાં આવ્યા છે અને નાગરિકોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. તમામ સંબંધિત વિભાગો સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજી વરસાદી સ્થિતિની સમીક્ષા કરી હતી. બેઠકમાં તમામ વિભાગોને એલર્ટ મોડ પર રહી ત્વરિત કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખીને તા. 31 જુલાઈના રોજ અમદાવાદ જિલ્લાની તમામ શાળાઓ અને કોલેજોમાં શૈક્ષણિક રજા જાહેર કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટરે આગામી બે દિવસ દરમિયાન અત્યંત જરૂરી કામ સિવાય નાગરિકોને ઘરમાં જ રહેવા અને બિનજરૂરી બહાર ન નીકળવા અપીલ કરી છે.

બીજી તરફ, અમદાવાદ મનપા દ્વારા પણ સમગ્ર શહેરમાં વરસાદી સ્થિતિને પહોંચી વળવા વ્યાપક તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. પાણી ભરાવાની સંભાવના ધરાવતા વિસ્તારોમાં ડીવોટરિંગ પમ્પ, ભારે મશીનરી અને ફીલ્ડ ટીમોને તહેનાત કરવામાં આવી છે, જેથી જ્યાં પણ પાણી ભરાય ત્યાં તેનો તાત્કાલિક નિકાલ કરી શકાય.

મનપા દ્વારા તમામ ઝોનલ અધિકારીઓને સતત મેદાનમાં રહી પરિસ્થિતિ પર નજર રાખવા અને જરૂર પડે ત્યાં ત્વરિત કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. શહેરના સંવેદનશીલ અને નીચાણવાળા વિસ્તારોમાં વિશેષ પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.

વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે ગોતા-ગોધાવી કેનાલના ગોરા-ભુમા વિસ્તારમાં જમા થયેલી સિલ્ટ અને અન્ય અવરોધો દૂર કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે, જેના કારણે કેનાલની પાણી વહન કરવાની ક્ષમતામાં વધારો થયો છે.

ઉપરાંત ગોતા-ગોધાવી વિસ્તારના તળાવમાંથી હાઈ-કેપેસિટી પમ્પ દ્વારા સતત પાણી બહાર કાઢવામાં આવી રહ્યું છે. મનપાના સેન્ટ્રલ કંટ્રોલ રૂમ, ઝોનલ કંટ્રોલ રૂમ અને વિવિધ વિભાગો વચ્ચે સતત સંકલન જાળવીને 24 કલાક મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

ભારે વરસાદની આગાહીને પગલે આજે અમદાવાદમાં શાળામાં રજા

આંગણવાડીઓ પણ 3 ઓગસ્ટ સુધી બંધ રહેશે

અમદાવાદ : હવામાન વિભાગ દ્વારા અમદાવાદ શહેરમાં ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિદ્યાર્થીઓની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા આવતીકાલ તા. 31 જુલાઈ, 2026ના રોજ અમદાવાદ શહેરની તમામ શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આવતીકાલ તા. 31 જુલાઈના રોજ તમામ શૈક્ષણિક પ્રવૃત્તિઓ સંપૂર્ણપણે બંધ રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે. શાળા સંચાલકોને વિદ્યાર્થીઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા તેમજ આ અંગેની જાણ શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ સુધી વોટ્સએપ, એસએમએસ, ફોન અથવા અન્ય ઉપલબ્ધ માધ્યમો દ્વારા તાત્કાલિક પહોંચાડવા સૂચના આપવામાં આવી છે. આગામી દિવસોની સ્થિતિ અંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પરિસ્થિતિની સમીક્ષા બાદ અલગથી સૂચના જાહેર કરવામાં આવશે. ત્યાં સુધી માત્ર અધિકૃત સૂચનાઓનું જ પાલન કરવા અપીલ કરવામાં આવી છે. બીજી તરફ, ભારે વરસાદની આગાહીને પગલે અમદાવાદ મનપાએ પણ સાવચેતીના ભાગરૂપે મનપા સંચાલિત તમામ આંગણવાડીઓ સોમવાર, તા. 3 ઓગસ્ટ, 2026 સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભારે વરસાદ દરમિયાન બાળકોને અવરજવરમાં મુશ્કેલી ન પડે તેમજ સંભવિત જોખમોથી બચાવી શકાય તે હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. પરિણામે મનપા સંચાલિત તમામ આંગણવાડીઓની કામગીરી તા. 3 ઓગસ્ટ સુધી સ્થગિત રહેશે.

આવા કમિશનર હોદ્દા પર હોય તો રાજ્યની કેવી ઇમેજ ઊભી થાય

સુરત નાસીરનગર ડિમોલિશન કેસમાં સુરત મનપાના કમિશનર મામલે ગુજરાત હાઈકોર્ટની રાજ્ય સરકારને ભારે ફટકાર

અધિકારીઓ કંઈ પણ કરે તો શું તેમને હાથ ના લગાવી શકાય?

સુરત મનપાના કમિશનરને યથાવત્ રાખવા પર હાઈકોર્ટે ઉઠાવ્યા સવાલ; રાજ્યએ 60 દિવસમાં તપાસ રિપોર્ટ આપવાની ખાતરી આપી, 10 ઓગસ્ટે આગામી સુનાવણી

અમદાવાદ : સુરતના બહુચર્ચિત અને 'ભૂતિયા ડિમોલિશન' તરીકે ઓળખાતા નાસીરનગર કેસમાં ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર અને SMCની આકરી ઝાટકણી કાઢી છે.

26 અરજદારો દ્વારા કરવામાં આવેલી અરજી પર યોજાયેલી સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ નિખિલ કરિયેલે સુરત મનપાના કમિશનરને હજુ સુધી હોદ્દા પર યથાવત્ રાખવા સામે ગંભીર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકતા ટિપ્પણી કરી હતી કે, 'SMC કમિશનરને હટાવવા કે ન હટાવવા તે ભલે રાજ્યનો નિર્ણય હોય, પણ તેનાથી રાજ્યની કેવી ઇમેજ ઊભી થાય છે? શું અધિકારીઓ કંઈ પણ કરે તો તેમને હાથ જ નહીં લગાવી શકાય? આ રીટની વધુ સુનાવણી આગામી સુનાવણી હવે 10 ઓગસ્ટે થશે.

સુરત વેડદરવાજા નજીક આવેલા નાસીરનગરમાં પાલિકાએ નોટિસ આપ્યા વગર જ પોલીસ બંદોબસ્ત સાથે 100 જેટલા મકાનો તોડી પાડતાં મામલો હાઇકોર્ટમાં પહોંચ્યો હતો.

સુનાવણી દરમિયાન જસ્ટિસ નિખલ કરિયેલે સુરત મનપાના કમિશનરના હોદ્દા પર રહેવા અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જે અધિકારી સામે આટલા ગંભીર આક્ષેપો છે તે જ પદ પર રહેશે તો શું તપાસમાં હસ્તક્ષેપ નહીં થાય? કોર્ટે કટાક્ષ કરતા એમ પણ કહ્યું કે, 'જો તેમને ઉચ્ચ હોદ્દા પર મૂકીને રિવોર્ડ જ આપવો હોય તો તે પણ કરી દો! શું તપાસ કમિટીમાં કોઈ ઉચ્ચ પોલીસ અધિકારી ન હોવા જોઈએ?'

કોર્ટે વધુમાં નોંધ્યું હતું કે કેસમાં એક્ઝિક્યુટિવ એન્જિનિયરે પોતાની નોકરી ગુમાવી હોવા છતાં કોર્ટ સમક્ષ આવવાની હિમત દર્શાવી છે, જ્યારે બીજી તરફ કમિશનર પર આટલો બધો ભરોસો કેમ રાખવામાં આવી રહ્યો છે તે સમજાતું નથી.

રાજ્ય સરકાર તરફથી કોર્ટને જણાવાયું હતું કે સમગ્ર પ્રકરણની રાજ્ય સ્તરે તટસ્થ તપાસ ચાલી રહી છે. મ્યુનિસિપલ વહીવટમાં નિષ્ણાત બે ઉચ્ચ અધિકારીઓની સમિતિની રચના કરવામાં આવી છે, જેમાં અન્ય અધિકારીઓનો પણ સમાવેશ કરાયો છે. આ સમિતિને 60 દિવસમાં તપાસ પૂર્ણ કરીને અહેવાલ રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે, જેમાંથી હજુ માત્ર 10 દિવસ જ પૂર્ણ થયા હોવાનું સરકારે કોર્ટને જણાવ્યું હતું. સરકાર તરફથી ખાતરી આપવામાં આવી કે જે પણ અધિકારીની જવાબદારી નક્કી થશે તેની સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે અને પોલીસની કામગીરીની પણ અલગથી તપાસ કરાશે.

સુનાવણી દરમિયાન એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ દલીલ કરી હતી કે કેટલીક પરિસ્થિતિમાં કાયદા મુજબ પૂર્વ નોટિસ વિના પણ દબાણ દૂર કરી શકાય છે. જોકે કોર્ટે યાદ અપાવ્યું કે સુરત મહાનગરપાલિકાનું શરૂઆતથી જ સ્ટેન્ડ એવું રહ્યું હતું કે સ્થળ પર માત્ર ડીમાર્કેશન કરવાની કાર્યવાહી હાથ ધરવાની હતી. તેના જવાબમાં સરકારે જણાવ્યું કે વર્ષોથી રોડ લાઇન અસ્તિત્વમાં હતી અને તે આધારે કાર્યવાહી થઈ હતી, પરંતુ ડીમાર્કેશન દરમિયાન થયેલા ડિમોલિશન અંગે જ હવે તપાસ ચાલી રહી છે.

અરજદારો તરફથી બે એફિડેવિટ દાખલ કરીને દાવો કરવામાં આવ્યો હતો કે જ્યાં ડિમોલિશન થયું તે જમીન ખાનગી માલિકીની હતી. બીજી તરફ જમીન માલિકના વકીલે કોર્ટને જણાવ્યું કે વર્ષ 1981માં રોડ લાઇન નક્કી થયા બાદ જરૂરી જમીનનો ભાગ સુરત મહાનગરપાલિકાને સોંપી દેવામાં આવ્યો હતો. કોર્ટે જમીન માલિકને સીધો સવાલ કર્યો કે શું તેમના કહેવાથી ડિમોલિશન કરાયું હતું, જેના જવાબમાં તેમણે સ્પષ્ટ ઇનકાર કર્યો હતો.

આ બાબતે હાઈકોર્ટે સ્પષ્ટ શબ્દોમાં સંભળાવ્યું હતું કે, 'જો રોડ લાઇન પર દબાણ હોય તો પણ કાયદાકીય પ્રક્રિયાનું પાલન કરવું અનિવાર્ય છે અને નોટિસ આપ્યા વિના કોઈપણ સંજોગોમાં ડિમોલિશન કરી શકાય નહીં.' સાથે જ કોર્ટે નોંધ્યું હતું કે હાલમાં સમગ્ર ઘટનાને લઈને કોર્ટ સમક્ષ જુદા જુદા વર્ઝન રજૂ થઈ રહ્યા છે, તેથી આ તબક્કે કોણ સાચું અને કોણ ખોટું છે તે અંગે કોઈ નિષ્કર્ષ આપી શકાય નહીં.

રાજ્ય સરકારે કોર્ટને જણાવ્યું હતું કે હાલ સરકારનું મુખ્ય ધ્યાન ડિમોલિશનથી પ્રભાવિત પરિવારોના પુનર્વસન અને સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ પર કેન્દ્રિત છે. કોર્ટે આ મામલે રાજ્ય સરકારને ગંભીરતાથી કાર્યવાહી કરવાની સૂચના આપતાં 10 ઓગસ્ટે તપાસની પ્રગતિ, જવાબદાર અધિકારીઓ સામેની કાર્યવાહી અને પુનર્વસનની સ્થિતિ અંગે વિગતવાર અહેવાલ રજૂ કરવા જણાવ્યું છે.

ઉલ્લેખનીય છે કે સુરતના વેડ દરવાજા નજીક આવેલા નાસીરનગર વિસ્તારમાં ગત 29 અને 30 મે, 2026ના રોજ ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે લગભગ 100 જેટલા મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. ત્યારથી સમગ્ર કાર્યવાહી વિવાદમાં આવી હતી અને આ કેસ હાલ ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હેઠળ છે.

ગુજરાત હાઈકોર્ટે સમગ્ર મામલાને અત્યંત ગંભીરતાથી લેવા રાજ્ય સરકારને આદેશ કર્યો છે. આ કેસની આગામી સુનાવણી 10 ઓગસ્ટના રોજ નિર્ધારિત કરવામાં આવી છે, જેમાં સરકારે તપાસ સમિતિના પ્રગતિ અહેવાલ, જવાબદાર અધિકારીઓ સામે લેવાયેલા પગલાં અને વિસ્થાપિત પરિવારોના પુનઃવસનની વર્તમાન સ્થિતિ અંગેનો વિગતવાર રિપોર્ટ કોર્ટ સમક્ષ રજૂ કરવાનો રહેશે.

ગયા વર્ષે નર્મદ યુનિ.ને એકપણ રૂપિયાની ગ્રાન્ટ મળી નથી

ઉત્તર ગુજરાત અને ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીને સતત ચાર વર્ષથી શૂન્ય ગ્રાન્ટ: કોંગ્રેસ

અમદાવાદ : ગુજરાતની છ યુનિવર્સિટીઓને વિવિધ યોજનાઓ હેઠળ વર્ષ 2025-26 દરમિયાન એક પણ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી, જેના કારણે રાજ્યના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રને અસર પહોંચી રહી છે. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીને સતત ચાર વર્ષથી વિવિધ યોજનાઓ હેઠળ કોઈ ગ્રાન્ટ મળી નથી. આ ઉપરાંત દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને કચ્છ યુનિવર્સિટીને પણ છેલ્લા વર્ષોમાં અત્યંત ઓછી અથવા શૂન્ય ગ્રાન્ટ ફાળવવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ પ્રદેશ કોંગ્રેસએ કર્યો છે.

પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. અશ્વિન બેન્કરએ જણાવ્યું હતુ કે કેન્દ્ર સરકાર - યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન (યુજીસી) દ્વારા ગુજરાતની ચાર સરકારી યુનિવર્સિટીને એકપણ નાણા ન ફાળવીને, અથવા તો ચાર વર્ષમાં એકાદ વખત નજીવી ગ્રાન્ટ ફાળવીને ગુજરાતનાં ગરીબ-સામાન્ય-મધ્યમ વર્ગના અભ્યાસ કરતા હજારો વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણથી વંચિત રહેવું પડે તેવી સ્થતિનું નિર્માણ થઇ રહ્યું છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા ગુજરાત રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓને છેલ્લા ચાર વર્ષની ગ્રાન્ટના સત્તાવાર આંકડા સાથે ભાજપ સરકાર દ્વારા ગુજરાત પ્રત્યેનાં ઓરમાયા વર્તન - અન્યાય કરવામાં આવી રહ્યો છે. જે જીલ્લામાંથી ગુજરાતનાં શિક્ષણ મંત્રી આવે છે તેવી કચ્છ યુનિવર્સિટીને છેલ્લા બે વર્ષથી શૂન્ય ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.ગુજરાતમાં કથળતા શિક્ષણ અંગે કેન્દ્રનાં નીતિ આયોગના રિપોર્ટ પ્રમાણે ઉચ્ચ શિક્ષણ મેળવવામાં અનેક મુશ્કેલીઓ આવી રહી છે અને દર ૧૦૦ વિદ્યાર્થીઓએ ઉચ્ચ શિક્ષણ મેળવાવાનો આંક માત્ર ૧૮થી ૨૨નો છે એટલે કે ઉચ્ચ માધ્યમિક અભ્યાસ પછી ૭૮ થી ૮૨ વિધાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકતા નથી. ડૉ. અશ્વિન બેન્કરએ વધુમાં કહ્યું હતુ કે, ગુજરાતમાં સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોમાં લાંબા સમયથી આચાર્યોની ભરતી કરવામાં આવતી નથી, ૪૫ થી ૫૫ ટકા જેટલી અધ્યાપકોની જગ્યા લાંબા સમયથી ભરવામાં આવી નથી. લેબ આસિસ્ટન્ટ - લાયબ્રેરીયન સહિતની ૬૦ ટકાથી વધુ જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે તેવામાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતનાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સરકારી યુનિવર્સિટીને નાણા ન ફાળવી ગુજરાતનાં ભવિષ્યને ભારોભાર અન્યાય કરી રહ્યો છે. શિક્ષણનાં માળખાને સુદ્રઢ કરવા માટે સરકારી -ગ્રાન્ટેડ કોલેજોમાં આચાર્યો-આધ્યાપકોની કાયમી ભરતી કરવામાં આવે, કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતની તમામ સરકારી- ગ્રાન્ટેડ યુનિવર્સિટીઓને મળવા પાત્ર ગ્રાન્ટ આપવામ આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

રખડતાં કૂતરાનો ત્રાસ દૂર કરવા રેલવે નોડલ ઓફિસર નિમશે

સુરત રેલવે સ્ટેશન પરથી રખડતાં કૂતરાંઓને દૂર કરવા કડક આદેશ

વેક્સિનેશન બાદ ફરી છોડી દેવાની જૂની નીતિ બંધ

સુરતઃ સુરત રેલવે સ્ટેશન પર મુસાફરોની સુરક્ષા અને સુવિધાઓને ધ્યાનમાં રાખીને રેલવે પ્રશાસને સ્ટેશન પરિસરમાં સતત વધી રહેલા રખડતાં કૂતરાંઓના ત્રાસમાંથી મુસાફરોને મુક્તિ અપાવવા માટે હવે તેમને સ્ટેશન વિસ્તારમાંથી સંપૂર્ણપણે દૂર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

અત્યાર સુધીની નીતિ મુજબ રખડતાં કૂતરાંઓને પકડીને માત્ર તેમનું વેક્સિનેશન કર્યા બાદ ફરીથી તે જ જગ્યાએ છોડી દેવામાં આવતા હતા. જેના કારણે સ્ટેશન પર કૂતરાંઓની સંખ્યા અને તેમનો ઉપદ્રવ ઘટતો ન હતો અને મુસાફરો માટે કરડવાનો ભય રહેતો હતો. પરંતુ હવે નવી સૂચના મુજબ, આ કૂતરાંઓને માત્ર વેક્સિનેશન પૂરતા મર્યાદિત ન રાખીને સ્ટેશન પરિસરથી કાયમી ધોરણે દૂર ખસેડી દેવામાં આવશે.

આ સમગ્ર કામગીરીને સુચારૂરૂપે પાર પાડવા માટે રેલવે પ્રશાસન દ્વારા એક વિશેષ નોડલ ઓફિસરની નિયુક્તિ કરવાની સૂચના જાહેર કરવામાં આવી છે. આ નિયુક્ત નોડલ ઓફિસરે સુરત મહાનગરપાલિકાની ટીમ સાથે સીધું સંકલન સાધીને સ્ટેશન પરથી કૂતરાં દૂર કરવાની કામગીરી કરાવવાની રહેશે.

બીજી તરફ, રેલવે વિભાગ દ્વારા જારી કરાયેલા આ નવા આદેશને પગલે રેલવે સ્ટાફ અને કર્મચારીઓ વચ્ચે ભારે રમૂજ અને ચર્ચા જાગી છે. 'હવેથી રેલવેના અધિકારીઓ કૂતરાં પકડવાનું કામ કરશે' તેવી મજાક અને ટીખળ રેલવે સ્ટાફના વર્તુળોમાં રસપ્રદ ચર્ચાનો વિષય બની છે.

3 ઓગસ્ટથી તલાટીઓ વધારાનું કામ નહીં કરે

સાડા ત્રણ વર્ષ બાદ પણ જોબ ચાર્ટ અલગ નહીં થતાં તલાટી મંત્રીઓનો મોટો નિર્ણય

સુરતઃ ગુજરાત રાજ્ય તલાટી મંત્રી મહામંડળે લાંબા સમયથી પડતર રહેલા જોબ ચાર્ટના મુદ્દે રાજ્ય સરકાર સામે અસંતોષ વ્યક્ત કરતાં મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે. મહામંડળે આદેશ કર્યો છે કે તા. 3 ઓગસ્ટ, 2026થી રાજ્યના તમામ તલાટી કમ મંત્રીઓ મહેસૂલ વિભાગની ગામ નમૂના નં. 1થી 18 સુધીની તમામ મહેસૂલી કામગીરી તેમજ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સિવાયના અન્ય વિભાગોની વધારાની કામગીરી નહીં કરે.

મહામંડળે જણાવ્યું છે કે તલાટી કમ મંત્રીના જોબ ચાર્ટ અને મહેસૂલી કામગીરીના સ્પષ્ટ વિભાજનની માંગણી અંગે સરકાર, મહેસૂલ વિભાગ અને પંચાયત વિભાગ સમક્ષ અનેક વખત લેખિત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં આજદિન સુધી કોઈ યોગ્ય નિર્ણય લેવામાં આવ્યો નથી. પરિણામે તલાટી કમ મંત્રીઓમાં ભારે અસંતોષ વ્યાપ્યો છે. મહામંડળના જણાવ્યા મુજબ હાલમાં ગ્રામ્ય કક્ષાએ મુખ્યત્વે ત્રણ કેડર કાર્યરત છે, જેમાં તલાટી કમ મંત્રી, મહેસૂલી તલાટી અને ગ્રામ સેવક (ખેતી) નો સમાવેશ થાય છે. આ ત્રણેયમાં તલાટી કમ મંત્રી સૌથી જૂની અને મૂળભૂત કેડર છે. સમયાંતરે સરકાર દ્વારા ગ્રામ્ય સ્તરે વિવિધ વિભાગોની કામગીરીમાં વધારો કરવામાં આવ્યો છે, પરંતુ કામગીરીનું યોગ્ય વિભાજન કરવામાં આવ્યું નથી. જેના કારણે પંચાયત ઉપરાંત મહેસૂલ અને ખેતીવાડી વિભાગની પણ મોટી સંખ્યામાં કામગીરી તલાટી કમ મંત્રીઓને કરવી પડે છે અને કામનું ભારણ સતત વધી રહ્યું છે.

તાજેતરમાં સરકાર દ્વારા મહેસૂલી તલાટીની ભરતી પૂર્ણ કરીને પોસ્ટિંગ ઓર્ડર પણ આપવામાં આવ્યા છે. તેમ છતાં મહેસૂલી તલાટી અને તલાટી કમ મંત્રી વચ્ચે કામગીરીનું સ્પષ્ટ વિભાજન કરવામાં આવ્યું નથી. મહામંડળનું કહેવું છે કે કામગીરી નક્કી કર્યા વિના જ ભરતી અને નિમણૂકની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે, જે યોગ્ય નથી.

ઈ-વે બિલ સિસ્ટમના પ્રસ્તાવિત નવા સુધારા મોકૂફ

GSTNના નિર્ણયથી વેપારી આલમમાં ખુશીનો માહોલ

વેપારની ગુપ્તતા જળવાઇ રહેશે

સુરતઃ જીએસટી નેટવર્ક દ્વારા ઈ-વે બિલ સિસ્ટમમાં આગામી 1 ઓગસ્ટ 2026થી લાગુ થનારા પ્રસ્તાવિત નવા ફેરફારો અને સુધારાઓને હાલ પૂરતા સ્થગિત રાખવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. GSTN એ સ્પષ્ટ કર્યું છે કે આગામી સૂચના ન મળે ત્યાં સુધી સિસ્ટમમાં કોઈ પણ પ્રકારના ફેરફાર કરવાની જરૂર નથી, તેમજ આ સંબંધિત અગાઉ જાહેર કરાયેલી તમામ એડવાઈઝરી પણ GST પોર્ટલ પરથી પાછી ખેંચી લેવામાં આવશે.

આ પ્રસ્તાવો સ્થગિત રાખવાથી દેશભરના વેપારીઓ, ટ્રાન્સપોર્ટરો અને ડિસ્ટ્રીબ્યુટરોને મોટો ફાયદો થયો છે. પ્રસ્તાવિત નવા સુધારા લાગુ થયા બાદ વેપારીએ પોતે ક્યાંથી માલ ખરીદ્યો છે તેના તમામ નામ અને સરનામા ઈ-વે બિલના ફોર્મમાં દર્શાવવાના હતા. આ જોગવાઈના કારણે છેલ્લો ખરીદદાર જાણી શકતો હતો કે ડિસ્ટ્રીબ્યુટર કે મધ્યસ્થી ક્યાંથી અને કોની પાસેથી માલ ખરીદે છે. આનાથી વેપારીઓની બિઝનેસ સીક્રેસી અને મોનોપોલી ખતમ થઈ જવાનું જોખમ ઊભું થયું હતું, કારણ કે છેલ્લો ખરીદદાર ડિસ્ટ્રીબ્યુટરને બાયપાસ કરીને ડાયરેક્ટ મૂળ વેચનાર પાસેથી જ માલ ખરીદવા પ્રેરાય. વેપારી આલમ દ્વારા આ કડક જોગવાઈનો ભારે વિરોધ કરવામાં આવ્યો હતો અને નાણા મંત્રાલય તથા GSTN સમક્ષ ઉચ્ચસ્તરીય રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતોને ધ્યાને રાખીને સરકારે હાલ પૂરતો આ અમલ મૌકૂફ રાખ્યો છે.

ચેક રિટર્ન કેસમાં તામિલનાડુંના વેપારીને સજા

સુરતઃ ચેક રિટર્ન કેસમાં આરોપી તામિલનાડુનાં વેપારીને સુરત કોર્ટે સજા ફટકારી હતી. કિરણ પોલીટેક્સ લિમિટેડના ડિરેક્ટર મહેશ મોતીરામ ગોદીવાલા દ્વારા તમિલનાડુ સ્થિત રેનુગંબલ ટ્રેડર્સના પ્રોપ્રાયટર પલાનીબાબુ વિરુદ્ધ ફરિયાદ કરી હતી. આરોપીએ ડાઇડયાર્ન ખરીદી બાદ બાકી રહેલી રકમ રૂ.7,80,149નો ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થયો હતો. ફરિયાદ પક્ષે એડવોકેટ વિરલ મહેતા કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપી ને ૬ મહિનાની કેદ અને રૂ.12 લાખનો દંડ ફટકાર્યો હતો.

સુડોકુ - 'કૂટિ'

	૨			૪	૭			૫
૧			૯	૩	૮			૭
		૮	૨					
૩	૫	૭		૯	૪		૨	૧
૨				૬	૧	૫		૪
	૪	૧	૩	૫		૭		
		૪	૫		૬	૩		૯
			૧		૯	૪		
૫		૬	૪		૩			

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨	૭	૬	૯	૭	૨	૬	૭	૬
૬	૬	૨	૭	૭	૬	૨	૯	૭
૭	૭	૯	૬	૬	૨	૬	૨	૭
૭	૭	૭	૨	૬	૯	૬	૨	૬
૨	૯	૬	૬	૬	૭	૭	૭	૨
૬	૨	૬	૨	૭	૭	૭	૬	૯
૯	૬	૭	૭	૬	૨	૭	૭	૨
૭	૨	૨	૭	૯	૭	૬	૬	૬
૬	૬	૭	૭	૨	૬	૯	૨	૭

૦૭૫૬-૭૬૭૭ ક્રૈડ્સ

આજનું પંચાંગ

તા. 31/07/2026, શુક્રવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** અષાઢ
તિથિ: વદ: બીજ: 22:32- હિન્ડોળા પ્રારંભ
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : શ્રાવણ: 09
યોગ : સૌભાગ્ય **કરણ:** તૈતિલ
નક્ષત્ર : ધનિષ્ઠા: 19:27
રાશિ: મકર (ખ,જ) 06:39 પછી કુંભ (ગ,સ,શ,ષ)
દિવસ : શુભ- ગુજરાતમાં મોળાકાત અને જયા પાર્વતી વ્રતના પ્રારણાં અશૂન્ય શયન વ્રત
સુરતમાં સૂર્યોદય : 06:13 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:17
નવકારસી : 07:01
પારસી વર્ષ : 1395 સ્પેન્દારમદ માસનો 21મો રોજ
મુસલમાન વર્ષ : 1448 સફર માસનો 16મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ,
રાત્રિનાં ચોઘડિયાં: રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
રાહુકાળ: સવારે : 10:30 થી 12:00 સુધી

મેષ (અ,લ,ઇ,): વિજાતિય મિત્રો સાથે વ્યવહારમાં સાવધાની રાખવી. નવા-સંબંધો બંધાશે. મોજ-શોખના ધંધામાં આવક વધશે.
વૃષભ (બ,વ,ઉ,): કોસ્મેટીક ગારમેન્ટ્સ બ્યુટી પાર્લર, ખાણી-પીણી જેવા ધંધામાં આવક વધશે. નોકરીમાં નવી જવાબદારી વધે.
મિથુન (ક,છ,ઘ,): ઊચ્ચ શિક્ષણ અને વિદેશના કામમાં પ્રગતિ થાય. ઉત્સાહજનક સમાચાર મળે. જીવન સાથી સાથે સામાજીક કામ થાય.
કર્ક (ડ,હ,): પાણીથી સાવધાન રહેવું. ચોર લૂંટારૂથી નુકસાન થઈ શકે છે. વડીલોની સલાહ ઉપયોગી રહે. ખર્ચા વધશે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ,ટ,): રોજની આવક વધે. ઘરનાં કામમાં મદદ મળે. સામાજીક કામ થાય. પ્રેમ વિવાહમાં મદદ મળે.
કન્યા (પ,ઠ,ણ,): સરકારી નોકરીયાતે લાલચથી દૂર રહેવુ. ખર્ચા વધશે. વિજાતિય આવેગ ગેરસમજ પેદા કરે.
તુલા (ર,ત,): શેર, સટ્ટા, લોટરી, વાયદાના કામ થાય. પરીક્ષામાં ધીરજ રાખવી. પ્રેમમાં ગેરસમજ થાય. આવક વધે.
**વૃશ્ચિક (ન,ય,